# સરકારી/ બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકોને મતદાર યાદી/ ચટણીના કામે વેકેશન દરમિયાન કામગીરી રોકાતા વળતર તરીકે રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/ ૧૩૦૬/૩૯૨૨/ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૨૮ ઓગસ્ટ ૧૯૮૯

**વંચાણમાં લીધા :**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૯–૯–૮૮ નો પરિપત્ર ક્રમાંક : પી.આર.ઈ./૧૩૮૮/૨૩૧૫/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનો યુ.ઓ.આર. ફાઈલ ક્રમાંક :ઈએલઆર/૧૨૮૮/૬–૭૧/છ, તા.૧૬–૧–૮૯

(૩) ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીનો તા.૨૪–૫–૮૮ નો પત્ર ક્રમાંક : ક/મા. ૨/૨૦૩૪–૩૫

ઉપર આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૧૯–૯–૮૮ ના પરીપત્રથી વેકેશન દરમિયાન ચૂટણીના કામ માટે રોકવામાં આવેલા પ્રાથમિક શિક્ષકોને જેટલા સમયગાળા માટે રોકવામાં આવ્યા હોય, તેટલા સમયગાળાની મુંબઈ મુલકી સેવા નિયમોના નિયમ–૯ મુજબ વળતર રજા મંજૂર કરવાન હુકમો કરવામાં આવ્યા છે. પ્રાથમિક શિક્ષકોની જેમ સરકારી તેમજ બિન સરકારી માધ્યમિક શાળના શાળાઓના શિક્ષકોને પણ આવી રીતે ચૂટણીના કામે માટે રોકવામાં આવતાં સરકારી/ બિન સરકારી માધ્યમિક શિક્ષકોએ પણ સરકારમાં રજૂઆત કરતાં સામાન્ય વહીવટ વિભાગો તેમની આમુખમાં દર્શાવેલ યુ.ઓ.આર. ફાઈલની દરખાસ્ત તથા ઉચ્ચ શિક્ષણ નિયામકની આમુખમાં દર્શાવેલ પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ઉપરોક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણા બાદ સરકારે/ બિનસરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોને પણ પ્રાથમિક શિક્ષકોને જે રીતે પ્રાપ્ત રજાના લાભ આપવામાં આવે છે તે રીતે વેકેશનના સમય દરમિયાન ફરજિયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહીં ભોગવેલ મુલકી સેવા નિયમોના નિયમ–૯ હેઠળ વેકેશન વિભાગના કર્મચારીઓ માટે કરવામાં આવેલ જોગવાઈને અનુરૂપ કાર્યવાહી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૨/– આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક : બમશ/૩૮૯/૪૪૦/ગ ઉપર નાણા વિભાગની તા.૧૩–૬–૮૯ ની નોંધથી કરેલ સ્પષ્ટતા બાદ કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સહી) જ.મ. સુતરીયા,**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ